| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૨.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૧૬.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૧૮.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૧૮.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી ભેંસલાપાડ પાસેથી ગાંજા સાથે બે ઝડપાયા

પારડી: પારડી પોલીસે પારડી ભેંસલાપાડ ત્રણ રસ્તા પરીયા રોડ નજીક બાતમીના આધારે શંકાસ્પદ સુપર કેરી ટેમ્પો (નં. GJ 15 AV 7381)ને રોકી તપાસ કરતાં ટેમ્પોમાંથી વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પ્રકાશસિંહ કામેશ્વરસિંહ રાજપૂત (રહે., પારડી, બાલદા GIDC) ને ઝડપી પાડી 74.275 ગ્રામ ગાંજો જેની અંદાજિત કિંમત રૂ. 3,726 તથા ટેમ્પો, મોબાઈલ સહિત કુલ રૂ. 2.08 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગાંજો આપનાર દમણના પાતલીયા વિસ્તારમાં રહેતા બીપીન સાહુની પણ ધરપકડ કરી હતી. આ સમગ્ર મામલે પારડી પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નવસારીમાં ભાજપનો કોંગ્રેસ સામે વિરોધ

નવસારી: દિલ્હીમાં યોજાયેલી AI સમિટ મુદ્દે ઊભા થયેલા વિવાદના પગલે નવસારીના જુનાથાણા ખાતે જિલ્લા ભાજપના યુવા અને મહિલા મોરચા દ્વારા કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે 400થી વધુ કાર્યકરો જોડાયા હતા. ભાજપના આગેવાનોએ કોંગ્રેસના નિવેદનોને દેશની છબી વિરુદ્ધ ગણાવી રાહુલ ગાંધી પાસે જાહેર માફીની માંગ કરી હતી.

### નવસારીમાં ડિસ્ટ્રિક્ટ જજનું વોલેટ ગુમ

નવસારી: નવસારીના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ પ્રતિક જયસુખભાઈ તમાકુવાલાનો વોલેટ મોર્નિંગ વોક દરમિયાન ગુમ થય હતો. 24 ફેબ્રુઆરીની સવારે જુનાથાણા જજ બંગલાથી સર્કિટ હાઉસ સુધી ચાલતા સમયે ટ્રેક પેન્ટના ખિસ્સામાં રાખેલ વોલેટ રસ્તામાં ક્યાંક પડી ગયું હતું. વોલેટમાં ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઇસ્યુ કરાયેલ અસલ આઈકાર્ડ, અન્ય દસ્તાવેજો અને થોડા રૂપિયા હતા. શોધખોળ છતાં ન મળતા નવસારી ટાઉન પોલીસમાં જાણવાજોગ નોંધ દાખલ કરવામાં આવી છે.

### કરંજવેરી ગામેથી ગાય સાથે ટેમ્પો ઝડપાયો

ધરમપુર: ધરમપુર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી આધારે કરંજવેરી ગામે વોચ ગોઠવી ટેમ્પો ઝડપી પાડ્યો હતો જેમાં એક ગાય (કિંમત આશરે 5 હજાર)ને ટૂંકા દોરડાથી બાંધેલી હાલતમાં જોવા મળી હતી. પોલીસે ટેમ્પોચાલકનું નામઠામ પૂછતા ઈશ્વર અર્જુન પટેલ (રહે., પાટી નદી ફળીયા, તા.ખેરગામ) હોવાનું અને ગાયને મહારાષ્ટ્ર તરફ લઈ જવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.1,10,000 ના મુદ્દામાલ સાથે ટેમ્પો કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મરોલી નજીક અકસ્માતમાં છીણમ ગામનું વેપારીનું મોત

નવસારી: જલાલપોર તાલુકામાં મરોલી નજીક થયેલી માર્ગ દુર્ઘટનામાં એક વૃદ્ધ વેપારીનું સારવાર દરમિયાન મોત થયું હતું. મળતી માહિતી મુજબ, ઘટના 23 ફેબ્રુઆરી 2026ના રોજ સાંજે છીણમ ગામના હળપતીવાસ નજીક રોડ પર મહેન્દ્રભાઈ રમણભાઈ માળી (ઉં.વ.66, રહે., મરોલી બજાર) મોપેડ (નં. GJ 21 BH 0834) પૂરઝડપમાં હંકારી રહ્યા હતા. આ દરમિયાન મોપેડ પરથી કાબૂ ગુમાવતા પટકાતા તેમને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. મરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ભીલાડ નજીક બામણપૂજા ચેકપોસ્ટ પાસેથી દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

ઉમરગામ: વલસાડ એલસીબી પોલીસે બાતમીના આધારે બામણપૂજા પોલીસ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી પિકઅપ (નં. જીજે 15 એવી 8911)ને અટકાવી તપાસ કરતાં રૂપિયા 3,23,010 નો બીયર, વોડકા, દારૂનો જથ્થો મળી આવતા પિકઅપના ડ્રાઇવર ગણેશ ઉર્ફે ગણીયો છોટુભાઈ ગામીત (ઉં.વર્ષ 28, રહે., પલાસીયા, ઉપલુ ફળિયું, ડોલવણ, જિ. તાપી)ની અટક કરી હતી. પોલીસે કુલ રૂ.8,28,010 નો મુદ્દામાલ કબજે લઈ ભીલાડ પોલીસને સુપરત કર્યો હતો.

---

**નવસારીમાં રિયલ એસ્ટેટ નેટવર્ક અને બેનામી નાણાંના પ્રવાહ પર આવકવેરાની તપાસ**

# કરોડોની ટેક્સચોરી બહાર આવી શકે

**બિલ્ડર**, જમીન દલાલ અને કાનૂની સલાહકાર સુધી કાર્યવાહી પહોંચી

**દસ્તાવેજો** અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન સ્કેન હેઠળ વિદેશી માલિકીની જમીન, પાવર ઓફ એટર્ની સોદા અને રોકડ વ્યવહારો પર ફોકસ, શહેરની પ્રોપર્ટી લોબી ચિંતામાં




નવસારી: નવસારીમાં સુરત ઇન્કમટેક્સ વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનને હવે માત્ર રૂટિન કાર્યવાહી તરીકે નહીં, પરંતુ રિયલ એસ્ટેટ સાથે જોડાયેલા સંભવિત નાણાકીય નેટવર્કની તપાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. વહેલી સવારથી શરૂ થયેલી આ કાર્યવાહી શહેરના બિલ્ડર, જમીન વ્યવસાયકાર અને જમીન સોદાઓને કાનૂની રીતે પ્રક્રિયાબદ્ધ કરનારા વ્યાવસાયિકો સુધી પહોંચી છે.

તપાસ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, વિભાગનું મુખ્ય ધ્યાન છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વધેલા જમીન સોદાઓ અને તેમાં થયેલા નાણાકીય પ્રવાહ પર કેન્દ્રિત છે. નવસારી જિલ્લામાં વિકાસના કારણે જમીનની કિંમતોમાં ભારે વધારો થયો છે, જેના કારણે મોટા પાયે રોકડ આધારિત વ્યવહારો, ભાગીદારી રોકાણ અને બેનામી સંપત્તિ સંબંધિત શંકાઓ ઊભી થઈ હતી.

વિશેષ કરીને મરોલી અને આસપાસના વિસ્તારોમાં એવી જમીનોના સોદા તપાસના કેન્દ્રમાં હોવાનું કહેવાઈ રહ્યું છે, જેનાં મૂળ માલિકો વર્ષોથી વિદેશમાં વસવાટ કરે છે. આવા કેસોમાં પાવર ઓફ એટર્ની મારફતે થયેલા ટ્રાન્ઝેક્શન, જમીન ટ્રાન્સફર અને ત્યારબાદના ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની કડીને ઇન્કમટેક્સ વિભાગ તપાસી રહ્યો છે. સર્ચ દરમિયાન દસ્તાવેજો ઉપરાંત કમ્પ્યુટર ડેટા, મોબાઈલ રેકોર્ડ, બેંક સ્ટેટમેન્ટ, ભાગીદારી કરારો અને રોકડ પ્રવાહ સંબંધિત વિગતોની પણ તપાસ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રો મુજબ, કેટલીક ટ્રાન્ઝેક્શન જાહેર આવક અને વાસ્તવિક રોકાણ વચ્ચેના તફાવતના સંકેત આપે છે, જેને આધારે તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે.

આ કાર્યવાહીએ શહેરની બિલ્ડર અને પ્રોપર્ટી લોબીમાં ચિંતા ફેલાવી છે. બજારમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, તપાસના આધારે આગળના દિવસોમાં વધુ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પણ સ્કેન હેઠળ આવી શકે છે. ઇન્કમટેક્સ વિભાગ તરફથી સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ જો પ્રાથમિક તપાસમાં નાણાકીય ગેરરીતિના પુરાવા મળે તો કરોડોની ટેક્સ ચોરીના કેસ બહાર આવી શકે છે.

---

# ચીખલી ફરિયાદ નિવારણમાં ગેરકાયદે બાંધકામનો મુદ્દો ફરી લટક્યો

**વિભાગો** વચ્ચે ચલકચલાણીનો ખેલ, સોલધરા ખાતે માર્ગ-મકાન અને મહેસૂલ વિભાગ એકબીજા પર જવાબદારી ઢોળતા કલેક્ટર નારાજ

**રેશનકાર્ડ** માટે આવેલા અરજદારોને પરત મોકલાતા સેવાસદનમાં અસંતોષ

ઘેજ: ચીખલી તાલુકા સેવાસદનમાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં યોજાયેલા ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં વિવિધ ગામોના આશરે 20 જેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જોકે સોલધરા ગામે ખેરગામ રોડ પર આવેલા સોમનાથ રેસિડેન્સી અને પેટ્રોલ પંપના ગેરકાયદે બાંધકામનો મુદ્દો ફરી વિભાગીય ગૂંચવણમાં ફસાતો દેખાયો હતો.

માર્ગ-મકાન વિભાગે જણાવ્યું હતું કે માર્જિનમાં થયેલા બાંધકામ અંગે અગાઉ નોટિસ આપવામાં આવી હતી, પરંતુ આર.એો.ડબ્લ્યુ. બહારનું બાંધકામ દૂર કરવાની સત્તા મહેસૂલ વિભાગની હોવાનું કહી જવાબદારી અન્ય વિભાગ પર ઢોળી દીધી હતી. અરજદારોના જણાવ્યા મુજબ, સિટી સરવે દ્વારા ડિસેમ્બર 2025માં માપણી રિપોર્ટ આપવામાં આવ્યા છતાં સ્થળ પર હદ નિશાની કે કાર્યવાહી કરવામાં આવી નથી. આ મુદ્દે લાંબા સમયથી વિલંબ થતા કલેક્ટરે અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપતા અસંતોષ વ્યક્ત કર્યો હતો.

ફરિયાદ નિવારણ દરમિયાન અન્ય મુદ્દાઓમાં પીપલગભણ ગામના ખેડૂતને બેંક દ્વારા વસૂલાયેલા વધારાના વ્યાજની રકમ પરત આપવામાં આવી હતી, જ્યારે થાલા વિસ્તારમાં સીએનજી અડધી ટાંકી ન ભરવાના પ્રશ્ને સુરક્ષા કારણોસર આવું થતું હોવાનો જવાબ આપવામાં આવ્યો હતો. ઢોલુમ્બર ગામે બોરવેલ માટે ગ્રામ પંચાયત દ્વારા મે 2026 સુધીમાં કામગીરી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આ દરમિયાન સેવાસદનમાં રેશનકાર્ડ કામગીરી માટે વહેલી સવારથી લાઇનમાં ઊભેલા અરજદારોને કલેક્ટર મુલાકાતના કારણે પરત મોકલાતા લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. કામકાજ અધૂરું રહી જતાં લોકોએ તંત્રની કામગીરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં કેટલાક પ્રશ્નોના ઉકેલ મળ્યા હોવા છતાં મુખ્ય મુદ્દાઓમાં વિભાગો વચ્ચે સંકલનના અભાવ અને વિલંબને કારણે તંત્રની કાર્યશૈલી ફરી સવાલોના ઘેરામાં આવી છે. હવે જોવાનું રહ્યું કે કલેક્ટરની સૂચનાઓ બાદ બાકી રહેલા પ્રશ્નોનો વાસ્તવિક ઉકેલ આવે છે કે નહીં.

---

# આ જ બાકી હતું, પેમેન્ટ સ્કેનર બદલી રૂ.1.44 લાખ તફડાવ્યા

**ગણદેવીના** કેસલી ગામે કરિયાણાના વેપારીનું સ્કેનર બગડતા નવું સ્કેનર નાંખી રૂપિયા બારોબાર ચાઉં

બીલીમોરા: ગણદેવીના કેસલી ગામે અનાજ-કરિયાણા વેપારી સાથે ઓનલાઇન પેમેન્ટ માટે નવું સ્કેનર લગાવી આપવાના બહાને રૂ.૧.૪૪ લાખની સાયબર છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે.

કેસલી ચાર રસ્તા નજીક દુકાન ચલાવતા રાજેન્દ્ર પ્રસાદ મુનેશ્વર મૌર્ય (ઉં.વ.૬૩) ગ્રાહકો પાસેથી ડિજિટલ ચૂકવણી સ્વીકારવા માટે પેટીએમ કંપનીનું સ્કેનર વાપરતા હતા, જે તેમની આઇડીબીઆઇ બેંકના ખાતા સાથે જોડાયેલું હતું. સ્કેનર બગડતા તેઓ મોબાઇલ એપ દ્વારા ચૂકવણી સ્વીકારી રહ્યા હતા. ગત નવેમ્બર-૨૦૨૫ દરમિયાન મુકેશસિંગ તરીકે ઓળખ આપનાર અજાણ્યા શખ્સે ફોન કરી "તમારા નામે નવું સ્કેનર આવ્યું છે, કોઇ ચાર્જ નથી" કહી વિશ્વાસમાં લીધો હતો. તે સમયે દુકાનદાર બહાર હોવાથી પત્ની લલીતાદેવી દુકાન સંભાળી રહી હતી. આરોપીએ દુકાન પર આવી સ્કેનર ઇન્સ્ટોલ કરવાની આડમાં આધારકાર્ડ તથા એટીએમ કાર્ડની વિગતો મેળવી બેંક ખાતામાંથી કુલ રૂ.૧,૪૪,૪૫૯ રકમ ટ્રાન્સફર કરી લીધી. ઘટનાની જાણ થતાં વેપારીએ નવસારી જિલ્લા સાયબર ક્રાઇમ બ્રાન્ચ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ અને છેતરપીંડી હેઠળ ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ યુએલ મોદી કરી રહ્યા છે.

---

# નવસારીમાં ગૌહત્યાકાંડ, હેરાફેરી પછી 'સમાધાન'ને લઈ રાજનીતિ

**ડાભેલમાં** બે ગાય મૃત હાલતમાં મળી આવી, વાંસદામાં ક્રૂર હાલતમાં ગોવંશ સાથે ટેમ્પો ઝડપાયો

**ટેમ્પો** સહિત રૂ. 2.23 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની ધરપકડ

નવસારી: નવસારી જિલ્લામાં ગોવંશ સંબંધિત બનેલી બે ઘટનાઓએ માત્ર કાયદો અને વ્યવસ્થા નહીં, પરંતુ વ્યવસ્થાની વાસ્તવિકતા પર પણ સવાલો ઊભા કર્યા છે. એક તરફ ડાભેલ ગામે ગૌહત્યા થયાની ઘટના સામે આવી છે, તો બીજી તરફ વાંસદા વિસ્તારમાં ગેરકાયદે રીતે અને ક્રૂરતાપૂર્વક ગોવંશ હેરાફેરીનો મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. પરંતુ પ્રશ્ન હવે માત્ર ગુનાનો નથી, પ્રશ્ન છે, આ બધું ચાલે છે કેવી રીતે?

#### ગૌરક્ષકોનો આક્ષેપ: ગૌવંશ મહારાષ્ટ્ર તરફ પકડાયા બાદ નેતા 'સમાધાન' માટે પહોંચ્યા

ગૌરક્ષકોનો આક્ષેપ છે કે ગોવંશને વાંસદા મારફતે મહારાષ્ટ્ર તરફ કતલ માટે લઈ જવામાં આવી રહ્યો હતો. વધુમાં, ટેમ્પો પકડાયા બાદ એક રાજકીય નેતા 'સમાધાન' માટે સ્થળ પર પહોંચ્યા હતા અને આરોપીઓ સાથે સંબંધ હોવાની વાત પણ સામે આવી છે. અહીં પ્રશ્ન ગંભીર છે, ગુનો રોકવાનો પ્રયાસ થાય છે કે પછી ગુનાને 'સેટલ' કરવાનો? નવસારીમાં હવે લોકો વચ્ચે ચર્ચા ચાલી રહી છે કે ગૌસંરક્ષણ માત્ર ભાષણોમાં છે કે જમીન પર પણ છે? જો ગેરકાયદે હેરાફેરી રાજ્યની સીમા સુધી પહોંચી શકે, તો વચ્ચેની આખી વ્યવસ્થા સૂતી હતી કે આંખ આડા કાન કરી રહી હતી? લોકો હવે એક જ વાત પૂછે છે કે ગુનો પકડાય છે, પરંતુ શું ગુનેગારો પણ સિસ્ટમમાં ક્યાંક 'સુરક્ષિત' તો નથી?

24 ફેબ્રુઆરીના રોજ મળેલી બાતમીના આધારે મરોલી પોલીસ અને ગૌરક્ષકો દ્વારા ડાભેલ વિસ્તારમાં તપાસ હાથ ધરતા બે ગાયોની હત્યા થયેલી હાલતમાં મળી આવી હતી. સ્થળ પરથી ગૌહત્યા માટે વપરાતા સાધનો પણ કબજે કરવામાં આવ્યા હતા.

બીજી તરફ, વાંસદા વિસ્તારમાં પોલીસે વાહન ચેકિંગ દરમિયાન એક ટેમ્પો ઝડપી પાડ્યો, જેમાં ચાર વાછરડાઓને ટૂંકા દોરડાથી બાંધી, પાણી અને ચારા વગર ક્રુરતાપૂર્વક લઈ જવામાં આવી રહ્યા હતા. પોલીસે ટેમ્પો સહિત રૂ. 2.23 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની ધરપકડ કરી છે, જ્યારે અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

---

# સીસોદ્રાની મેઘદૂત સોસાયટીના 30 પરિવારની કલેક્ટર સમક્ષ કાકલૂદી

**વસવાટ** કરતાં શ્રમજીવી પરિવારોએ પોતાનાં જ ઘર બચાવવા તંત્રનાં દ્વાર ખખડાવવા પડ્યાં

નવસારી: નવસારી તાલુકાના સીસોદ્રા (ગણેશ) ગામમાં આવેલી મેઘદૂત સોસાયટીના આશરે 30 પરિવારો પર અચાનક બેઘર થવાનો ભય મંડરાતાં સમગ્ર વિસ્તારમાં ચિંતા અને વ્યથા છવાઈ ગઈ છે. છેલ્લા 55 વર્ષથી આ જમીન પર મહેનત અને સંઘર્ષથી પોતાના કાચા-પાકા મકાનો ઊભા કરીને વસવાટ કરતાં શ્રમજીવી પરિવારો આજે પોતાના જ ઘર બચાવવા માટે તંત્રના દ્વાર ખખડાવવા મજબૂર બન્યા છે.

રહીશોએ જિલ્લા કલેક્ટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે તેઓ સરવે નંબર 146ની જમીન પર દાયકાઓથી રહે છે. અહીં તેમના મકાનો ઉપરાંત પશુધન માટેના તબેલા પણ છે. ગ્રામ પંચાયત દ્વારા મિલકત આકારણી કરવામાં આવી છે, નિયમિત રીતે વેરા ભરવામાં આવે છે, વીજળીના કનેક્શન છે અને વર્ષોથી તેઓ આ સરનામેથી મતદાન પણ કરતા આવ્યા છે. એટલે આ વિસ્તાર તેમના માટે માત્ર જમીન નહીં, પરંતુ જીવનનો આધાર અને ઓળખ બની ગયો છે.

પરિવારોનું કહેવું છે કે જો હવે તેમને અહીંથી હટાવવામાં આવશે, તો તેમના માટે રહેવાનું કોઈ સ્થળ નહીં રહે. જીવનભરની કમાણી અને પરસેવાથી ઊભું કરેલું ઘર તૂટી જશે અને પરિવાર સાથે પશુધન પણ નિરાધાર બની જશે. આ પરિસ્થિતિમાં રહીશોએ કલેક્ટરને માનવતાના ધોરણે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવા અને વર્ષોથી વસવાટ કરતા પરિવારોને બેઘર ન કરવામાં આવે તેવી ભાવુક અપીલ કરી છે.

---

# બીલીમોરા સોમનાથ રોડ પર ઓવરટેક કરવામાં બાઈકચાલકનું મોત

**બેને** ઈજા, અકસ્માતનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ




કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા સોમનાથ રોડ ઉપર ગઈકાલે મંગળવાર સાંજે ડબલ સવાર બાઈકચાલકે ઓવરટેક કરવા જતાં આગળ દોડતી બાઈકને ટક્કર મારતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં ડબલ સીટ બાઈકચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. સોશિયલ મીડિયામાં અકસ્માતનો વીડિયો વાયરલ થયો હતો.

બીલીમોરાના સોમનાથ મંદિર તરફથી રાજભોગ સર્કલ તરફ આવતાં રોડ ઉપર મંગળવાર સાંજે દિલધડક અકસ્માત સર્જાયો હતો. જેમાં દેવસર સરદાર માર્કેટ નજીક વ્યંકટેશ્વરનગરમાં રહેતો હડમાનસિંહ સુરેશભાઈ પુરોહિત (ઉં.વ.૨૫) મઢી ક્રિકેટ ગાઉન્ડ તરફથી પોતાની હીરો સ્પેલેન્ડર નં. જીજે ૨૧ ડીબી ૧૭૭૨ ઉપર ઘરે પરત ફરતો હતો. તે સમયે સાંઈબાબા મંદિર નજીક પાછળથી પૂરપાટ ઝડપે આવતી બાઈક ઓવરટેક કરવા આગળ વધ્યો હતો. પરંતુ સામેથી એક કાર આવતી હતી. તેનાથી બચવા ધૂમ સ્ટાઈલ બાઈક નં. જીજે ૩૦ એફ ૨૫૧૨નાં સવારે આગળ ચાલતી સ્પેલેન્ડરને ટક્કર મારી હતી. બાઈકની ઝડપ ને કારણે ટક્કર બાદ ૨૦ ફૂટ સુધી બાઈક ઘસડાઈ હતી. જે દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા. ટક્કર મારનારી બાઈકનો ચાલક વિશાલ દશરથ ભોયે (ઉં.વ.૨૦, રહે., નિશાળ ફળિયા, ઝાવડા, તા. વઘઈ, જિ.ડાંગ)ને ગંભીર ઈજા થતાં મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે બાઈક ઉપર સવાર રોહિત પ્રેમચંદ અને આગળ ચાલતી બાઈકનાં ચાલક હડમાનસિંહ પુરોહિતને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. સમગ્ર ઘટના અંગે ફરિયાદ હડમાનસિંહ પુરોહિતએ બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

---

### પારડી કોલેજ રોડ પાસે નહેરના કૂવામાં ગાય ખાબકી

પારડી: જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની બાજુમાં આવેલી નહેરના કૂવામાં એક ગાય પડી ગઈ હતી. જેની જાણ થતાં ગૌરક્ષક કિર્તીભાઈ ભંડારી, રઘુભાઈ ભરવાડ સાથે અન્ય ગૌરક્ષકો દોડી આવ્યા હતા અને દોરડા બાંધી જેસીબીની મદદે ગૌમાતાને ભારે જહેમતે બહાર કાઢવામાં આવી હતી. સ્થાનિક રહીશ ઉમેશભાઈ ભંડારીએ નહેરમાં ખુલ્લો કુવા જોખમકારક હોય જે બાબતે વારંવાર રજૂઆત કરતાં કોઈ પગલાં ન ભરતા જવાબદાર તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

### ધરમપુર રોડનાં દબાણો ફરી હટાવ્યાં

વલસાડ: વલસાડ નગરપાલિકાએ થોડા દિવસો અગાઉ ધરમપુર રોડના લારીગલ્લાઓ હટાવ્યા હતા. જેના પગલે લારી ગલ્લાવાળાઓએ રોજી રોટી કમાવવાની રજૂઆત ચીફ ઓફિસર સમક્ષ કરી હતી. જોકે, આજરોજ ફરીથી પાલિકાની ટીમે ધરમપુર રોડ પર અબ્રામા રોડના લારી ગલ્લાઓ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જેના પગલે ફરીથી મધ્યમ વર્ગીય લોકોમાં ભારે નારાજગી ફેલાઇ હતી. પોલીસ સાથે મળી પાલિકાએ આ કામગીરી હાથ ધરતાં ફરીથી મધ્યમ વર્ગીય વેપારીઓમાં નારાજગી ફેલાઇ ગઇ હતી.

---

**કપરાડા તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભામાં**

# કુંભઘાટ અકસ્માત, ગ્રાન્ટ ફાળવણી સહિતના મુદ્દે પસ્તાળ

**વિવિધ** મુદ્દાઓ પર સભ્યોની ધારદાર રજૂઆતો, 2026-2027ના વર્ષનું રૂ.3 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર



વલસાડ: કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ હીરાબેન માહલાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે 2026-2027ના વર્ષનું રૂ.3 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર કરાયું હતું. સભા દરમિયાન તાજેતરમાં કુંભઘાટમાં સર્જાયેલા અકસ્માતમાં 7 લોકોના મોત, 4 કિ.મી.ના અકસ્માત ઝોન કુંભઘાટ ઉપર અકસ્માતોની વણઝાર છતાં બ્લેક સ્પોટ, અકસ્માત ઝોન જે અકસ્માતો અટકાવવા લેવામાં આવતા કોઇપણ પગલા ન લેવાતા હોવાનો મુદ્દો, ઉનાળામાં પાણીની સમસ્યા નિવારવા આગોતરું આયોજન કરવા અને ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય મુદ્દે સભ્યોએ ભારે પસ્તાળ પાડી હતી. વાર્ષિક અંદાજપત્રની સભામાં કપરાડા તા.પં.નું 2025-2026નું સુધારેલ અને 2026-27નું વાર્ષિક અંદાજપત્ર પ્રમુખે રજૂ કર્યું હતું. જેમાં 2,21,62,39,826ની આવક સામે 1,88,35,16,500 નો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. અંદાજપત્રમાં તા.પં.ની સ્વભંડોળની આવક રૂ.2,72,30,587 અંદાજવામાં આવી હતી, જેમાંથી શિક્ષણ ક્ષેત્રે 2.50 લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે 3.26 લાખ, ખેતીવાડી ક્ષેત્રે 3.12 લાખ, બાંધકામ ક્ષેત્રે રૂ.50000, કુદરતી આફતો માટે રૂ.70000 ફાળવવામાં આવ્યા હતાં.

#### 4 ગામ માટે 2.60 લાખ ફાળવ્યા, એક ગામ માટે રૂ.20 લાખ? મુદ્દો ઉપર સુધી જશે

અંભેટી બેઠકના સભ્ય વિજય રોહિતે આક્રોશ સાથે જણાવ્યું કે, મારી 4 કામોની 5 લાખની દરખાસ્ત મૂકી હતી, જેની સામે 2.60 લાખ ફાળવી અન્યાય સાથે ભેદભાવ કર્યો છે. અકસ્માત ઝોન સ્થળે અકસ્માત નિવારવા હાઈમસ્ટ લાઈટ નાખવાની મારી દરખાસ્ત હતી. જ્યારે એક ગામમાં એકજ કામ માટે આશરે 20 લાખની ફાળવણી કરી એ યોગ્ય નથી, હું આ મુદ્દો ઉપર સુધી લઈ જઈશ.

#### સરકારી દવાખાનાઓમાં તબીબોની અછત

તા.પં. સભ્ય ઈશ્વર તુંમડાએ તાલુકાની સરકારી દવાખાનાઓમાં નિષ્ણાત તબીબોની અછત, પેરા મેડિકલ સ્ટાફની અછત સાથે નાના કિસ્સાઓમાં પણ દર્દીને રિફેર કરી દેવાઈ છે, એ યોગ્ય નથી. સાથે અકસ્માતો સમયે પી.એમ. કરવા સ્વીપર ન હોય મુશ્કેલી નડે છે. ઉપરાંત અહીં મૃતદેહો રાખવા કોલ્ડ સ્ટોરેજની જરૂરિયાત દર્શાવી હતી.

---

# ફડવેલમાં સોલાર પ્લાન્ટ સામે ગ્રામજનોનો વિરોધ

**ગ્રામ** પંચાયતની નોટિસ બાદ મામલો ગરમાયો, પરવાનગી વિના કામગીરીના આક્ષેપ

**જમીન** માલિકને સાત દિવસમાં દસ્તાવેજ રજૂ કરવા સૂચના

ઘેજ: ચીખલી તાલુકાના ફડવેલ ગામે સોલાર પાવર પ્લાન્ટ સ્થાપનાની તજવીજ સામે ગ્રામજનોમાં અસંતોષ ફેલાયો છે. ખાતા નંબર 965 વાળી જમીન પર પ્લાન્ટ ઊભો કરવાની તૈયારી શરૂ થતાં સ્થાનિકોએ ગ્રામ પંચાયત સમક્ષ લેખિત વાંધો રજૂ કર્યો છે. ગ્રામજનો દ્વારા રજૂઆતમાં જણાવાયું છે કે ઉદ્યોગ જેવી પ્રવૃત્તિ શરૂ થવાથી હવા પ્રદૂષણ, રસાયણિક કચરો અને ગંદા પાણીના કારણે ભૂગર્ભ જળ પ્રદૂષિત થવાની શક્યતા છે. સાથે જ ખેતીની જમીનની ફળદ્રુપતા પર અસર, પર્યાવરણનું સંતુલન બગડવાની ભીતિ અને લોકોના આરોગ્ય પર પ્રતિકૂળ અસર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોની માંગ છે કે ગામલોકોની સંમતિ વિના કોઈપણ પ્રકારની ઔદ્યોગિક પ્રવૃત્તિને મંજૂરી આપવામાં ન આવે અને આ મુદ્દે તાત્કાલિક ગ્રામસભા બોલાવવામાં આવે. સ્થાનિકોના વિરોધને પગલે ગ્રામ પંચાયતે જમીન માલિકને નોટિસ ફટકારી છે. પંચાયત દ્વારા જણાવાયું છે કે જો સોલાર પ્લાન્ટ માટે કોઈ ઉચ્ચ કચેરીની મંજૂરી લેવામાં આવી હોય, તો તેના દસ્તાવેજો સાત દિવસની અંદર લેખિત પુરાવા સાથે રજૂ કરવા પડશે. હાલ સમગ્ર મામલે ગામમાં ચર્ચાનો માહોલ છે અને હવે આગળ શું નિર્ણય લેવાય છે તે પર ગ્રામજનોની નજર છે.

### આજથી આહવા ખાતે ડાંગ દરબારનો આરંભ

સાપુતારા: 'ડાંગ દરબાર' ૨૬ ફેબ્રુઆરીથી તારીખ ૩ માર્ચ દરમિયાન આહવા ખાતે આયોજિત કરાયો છે. ૨૬મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે રંગ ઉપવન ખાતે રાજ્ય મંત્રી વ ડાંગના પ્રભારી મંત્રી ડો.જયરામભાઈ ગામિતના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે લોકસભાના દંડક વ સંસદ સભ્ય ધવલભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અગાઉ ડાંગના પાંચ રાજવીઓની શોભાયાત્રા કલેક્ટર કચેરી ખાતેથી સવારે ૯:૩૦ વાગ્યે નીકળશે. આ શોભાયાત્રા આહવાના મુખ્ય માર્ગ ઉપર ફરીને રંગ ઉપવન ખાતે પહોચશે. જ્યાં ડાંગ દરબારનું ઉદ્ઘાટન કરી રાજવીઓના સન્માન સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

**નિવિદાનં - ૪૫ (બીજીવાર) સને ૨૦૨૫-૨૬**
**જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં (૦૨૬૩૨-૨૫૩૬૯૪) ની કચેરીએથી જિલ્લા પંચાયત હસ્તકનાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના ક્વાટર્સનાં ડીમોલેશનનાં કામો જેની અંદાજીત રકમ રૂા ૧૭.૦૦ લાખ થી રૂા.૧૯.૦૦ લાખ સુધીની છે. જે કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઇટ પરથી જોવા મળશે.
વધુમાં મંજુર થયેલ ભાવોના ઇજારદારશ્રીએ જી.એસ.ટી. અલગથી ચલણ દ્વારા જમા કરવાનો રહેશે.
ટેન્ડર ઓનલાઇન સબમીશનની છેલ્લી તાઃ- ૧૦/૦૩/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વલસાડ

ન. માહિતી/વલસાડ/૯૨૫/૨૦૨૬

**ટુંકી નિવિદા એસ.કે. નં. ૦૮ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) વિભાગ, સુરત ફોન નં. ૨૪૭૨૩૩૭ ચોથોમાળ,સુરત જીલ્લા પંચાયત ભવન,લાર્સનઆર્મી સ્કુલની બાજુમા, પીપલોદ, વેસુ સુરત તરફથી જણાવવાનું કે, ગુજરાત રાજયના રસ્તાના કામોને લગતાં જમીન સંપાદન,ફોરેસ્ટ મંજુરી તથા સર્વેની કામગીરીનો અનુભવ ધરાવતા ઇજારારદારશ્રી પાસેથી કન્સલટન્સીની કામગીરી અંગેના વાર્ષિક ભાવો તમામ કરવેરા સહિત (Including GST) મંગાવવામાં આવે છે. જેના કોરાભાવ પત્રકો આપવાની છેવટની તા. ૦૫/૦૩/૨૦૨૬ તથા રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેવટની તા. ૧૧/૦૩/૨૦૨૬ રાખવામાં આવી છે. આ સાથે ટેન્ડર ફી રૂા.૯૦૦/- રાખવામાં આવેલ છે. આ કામની વિગતવાર નોટીશ કચેરીના નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવી છે. કામો અંગેની વધુ વિગતો તેમજ કોરા ભાવ પત્રકો મેળવવા રસ ધરાવતા ઈજારદારોએ અત્રેની કચેરીની એસ.કે શાખાનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. આવેલ ટેન્ડર મંજુર કરવા કે ના મંજુર કરવા એ હક્કો સુરત જિલ્લા પંચાયતને હકક અબાધિત છે. શકય હશે તો ટેન્ડરો સ્વીકારવાના દિવસે જ ખોલવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ.) વિભાગ
સુરત

ક્રમાંક : માહિતી-સૂરત/૧૫૬૩/૨૦૨૬